
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૨ | ૪ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# 'જવાદ' આજે આંધ્ર-ઓરિસ્સામાં ત્રાટકશે

**જવાદ આંધ્ર-ઓરિસ્સાના કિનારા તરફ આગળ વધ્યું : જવાદ વાવાઝોડાને લીધે બે દિવસમાં ૧૦૦ ટ્રેન રદ કરાઈ : મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય લેવામાં આવ્યો, ૨૬૬ રેસ્ક્યુ ટીમો તૈનાત કરવામાં આવી : દેશભરમાં એલર્ટ જાહેર**




વિશાખાપટ્ટનમ, તા.૩

બંગાળની ખાડીમાં સર્જાયેલુ વાવાઝોડુ જવાદ આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના કિનારા તરફ આગળ વધી રહ્યુ છે. જેના પગલે આ રેલવે દ્વારા ૩ અ્ને ચાર ડિસેમ્બરના રોજ ૧૦૦ ટ્રેનોને કેન્સલ કરવામાં આવી છે.

રેલવેએ કહ્યુ છે કે, મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં લઈને ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. દરમિયાન હવામાન વિભાગે આ વાવાઝોડાને લઈને દેશભરમાં એલર્ટ જાહેર કર્યુ છે. આગાહી પ્રમાણે આ વાવાઝોડુ શનિવારે સવારે આંધ્ર પ્રદેશ અને ઓરિસ્સાના દરિયા કિનારા પર ટકરાઈ શકે છે. જેના પગલે બંને રાજ્યોમાં ભારે વરસાદની અને પૂરની આગાહી પણ કરવામાં આવી છે.

દરમિયાન વાવાઝોડાને ધ્યાનમા રાખીને આંધ્ર પ્રદેશ અને ઓરિસ્સાની સરકારોએ પણ તૈયારીઓ શરુ કરી છે. જેના ભાગરુપે ફાયર બ્રિગેડ એનડીઆરએફ અને રાજ્યની ડિઝાસ્ટર મેનેજમેન્ટની ૨૬૬ ટીમોને તૈનાત કરવામાં આવી છે.

# સસ્પેન્શન મુદે સતત પાંચમા દિવસે વિપક્ષોના દેખાવો

**ભાજપના સાંસદો પણ વિપક્ષના સાંસદો સામે દેખાવો કરવા માટે ગાંધી પ્રતિમા પાસે ઉતર્યા : સામ સામા આક્ષેપ**

નવી દિલ્હી, તા.૩

સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે ૧૨ વિપક્ષી સાંસદોને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ સતત પાંચમા દિવસે વિપક્ષ દ્વારા દેખાવો ચાલુ રાખવામાં આવ્યા છે.

આજે પણ સંસદ પરિસરમાં આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમાની સામે વિપક્ષ દ્વારા સસ્પેન્શનના વિરોધમાં બેનરો અને પોસ્ટરો સાથે દેખાવો કરીને લોકતંત્રની હત્યા બંધ કરો...જેવા નારા પોકારવામાં આવ્યા હતા.

કોંગ્રેસ સહિતની વિપક્ષી પાર્ટીઓનુ કહેવુ છે કે, જ્યાં સુધી સસ્પેન્શન પાછુ નહીં ખેચાય ત્યાં સુધી અમારા દેખાવો ચાલુ રહેશે.બીજી તરફ વિપક્ષે પોતાની રણનીતિમાં ફેરફાર કર્યો છે.વિપક્ષી પાર્ટીઓનુ કહેવુ છે કે, હવે રાજ્ય સભા અને લોકસભાની કામગીરી ખોરવાય નહીં તે રીતે સાંસદોના સસ્પેન્શન સામે વિરોધ ચાલુ રહેશે.સાથે સાથે સસ્પેન્ડ થયેલા સાંસદો ગાંધી પ્રતિમા પાસે ધરણા ચાલુ રાખશે.

બીજી તરફ આજે ભાજપના સાંસદો પણ વિપક્ષના સાંસદો સામે દેખાવો કરવા માટે ગાંધી પ્રતિમા પાસે ઉતર્યા હતા.



# સારા રસ્તા પર જવું હશે તો પૈસા આપવા પડશે : ગડકરી

**ટોલ ટેક્સ પર માહિતી આપી : પહેલા લોકો ટ્રાફિકમાં ફસાતા હતા, પેટ્રોલ-ડીઝલ પર પૈસા બરબાદ થતા, સારા રોડથી પૈસા બચે છે : ગડકરી**

નવી દિલ્હી, તા.૩

કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન ટોલ ટેક્સને લઈ મહત્વના જવાબ આપ્યા હતા. નીતિન ગડકરીને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, સામાન્ય જનતા મોંઘા ટોલથી હેરાન થઈ રહી છે પરંતુ સાંસદો અને ધારાસભ્યો ટોલ શા માટે નથી આપતા ? આ સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, સરકારે સેના, એમ્બ્યુલન્સ, ટ્રેક્ટર દ્વારા માલ લઈ જનારા ખેડૂતો, સાંસદો અને ધારાસભ્યોને છૂટ આપેલી છે પરંતુ સૌને છૂટ આપવાનું શક્ય નથી. જો સારા રસ્તા પર જવું હશે તો પૈસા આપવા પડશે. વધુમાં નીતિન ગડકરીએ જણાવ્યું કે, પહેલા લોકો ટ્રાફિકમાં ફસાતા હતા, પેટ્રોલ અને ડીઝલ પર પૈસા બરબાદ થતા હતા. હવે સારા રોડ બનવાથી પૈસા બચી રહ્યા છે તો તેના બદલામાં ટોલ આપવામાં શું વાંધો છે. સરકારે રોડ બનાવવા માટે ઉધાર પૈસા લીધા છે જે તેમણે ચુકવવાના છે અને વ્યાજ આપવાનું છે માટે ટોલ લાગુ કરવો પડે છે. હવે સરકાર દેશના નાના-નાના લોકોના પૈસા વડે રસ્તા બનાવશે.



ઈન્ફ્રા બોન્ડ અંગે ચર્ચા કરતાં ગડકરીએ કહ્યું કે, તમે બેંકમાં પૈસા રાખો છો તો કેટલું વ્યાજ મળે છે, જો તમે રોડ બનાવવા પૈસા આપશો તો સરકાર તેના પર વધારે વ્યાજ આપશે. દિલ્હી-મુંબઈ હાઈવે પર એક લાખ કરોડ રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે તો તેના માટે લોકો પાસેથી બોન્ડ સ્વરૂપે પૈસા લેવામાં આવશે.

# Omicron સામે Covaxin વધુ અસરકારક નિવડી શકે છે

**કોવેક્સિન, એક વિરિયન-નિષ્ક્રિય રસી સમગ્ર વાયરસને આવરી લે છે અને આ અત્યંત પરિવર્તનશીલ એવા નવા વેરિઅન્ટ સામે કામ કરી શકે છે : અમે ધારીએ છીએ કે કોવેક્સિન સુરક્ષા પૂરી પડશે : અધિકારી**

નવી દિલ્હી,તા.૩

ભારત બાયોટેકની કોવિડ વેક્સિન કોવેક્સિન અત્યંત પરિવર્તનશીલ કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોન સામે વધુ કારગત નીવડી શકે છે તેવું ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ



રિસર્ચના અધિકારીએ જણાવ્યું છે. અધિકારીએ જણાવ્યું કે અન્ય ઉપલબ્ધ કોરોના વેક્સીનની સરખામણીએ કોવેક્સિન વધુ અસરકારક બની શકે છે. તેમણે કહ્યું કે, કોવેક્સિન, એક વિરિયન-નિષ્ક્રિય રસી 'સમગ્ર વાયરસને આવરી લે છે અને આ અત્યંત પરિવર્તનશીલ એવા નવા વેરિઅન્ટ સામે કામ કરી શકે છે. (વિરિયનને વાયરસના ચેપી સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તે યજમાન કોષની બાહ્ય સપાટી પર રહે છે.) અન્ય એક ICMR અધિકારીએ જણાવ્યું કે, કોવેક્સિન આલ્ફા, બીટા, ગામા અને ડેલ્ટા વેરિઅન્ટ સામે પણ અસરકારક સાબિત થઈ છે એટલે આપણે એવી અપેક્ષા રાખી શકીએ કે તે નવા ઓમિક્રોન વેરિઅન્ટનો મુકાબલો પણ કરી શકશે.હ્ર જોકે, તેમણે ચેતવણી આપી કે જ્યાં સુધી વધુ સેમ્પલનું પરીક્ષણ ન થાય ત્યાં સુધી આ વાત સુનિશ્ચિત ન થઈ શકે. અધિકારીએ ઉમેર્યું કે, અમે ધારીએ છીએ કે કોવેક્સિન સુરક્ષા પૂરી પડશે. એક વખત સેમ્પલ મળવાના શરુ થઈ ગયા બાદ અમે પુણેમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી ખાતે વેક્સિનની અસરકારકતાની ચકાસણી કરશું.

● અનુસંધાન પાન-૭ પર

# વેક્સિનના બંને ડોઝથી ઓમિક્રોનના કોઈ ગંભીર લક્ષણ નહીં જોવા મળે

**ઝડપથી ફેલાતા ઓમિક્રોન સામેની લડત માટે કમર કસતું ભારત : દેશમાં મળી આવેલા ઓમિક્રોનના બંને દર્દીઓમાં માત્ર હળવા લક્ષણો જ જોવા મળ્યા છે, આ બંને દર્દીઓએ રસીના બંને ડોઝ લીધા હતા**

બેંગલુરુ, તા.૩

કોરોના વાયરસના નવા પ્રકાર ઓમિક્રોને ભારતમાં દેખા દીધી છે. ચિંતાની વાત એ છે કે દેશમાં આ વાયરસથી સંક્રમિત એકમાત્ર ભારતીય એવા બેંગ્લોરના ડૉક્ટરની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. આ સૂચવે છે કે ઓમિક્રોને હકીકતમાં આપણા દેશમાં ઘણા સમય પહેલા જ પ્રવેશ કર્યો હોવો જોઈએ. કદાચ જીનોમ સિક્વન્સિંગ દ્વારા તેની ઓળખ કરવામાં વિલંબ થયો હશે. અગાઉના તમામ પ્રકારોમાં કરતા વધુ ઝડપથી ફેલાતા ઓમિક્રોનના સંક્રમણને ટાળવાનો માર્ગ હાલમાં એક જ દેખાઈ રહ્યો છે, તે છે રસીના તમામ ડોઝ લેવા અને યોગ્ય માસ્ક સહિત અન્ય સાવચેતી રાખવી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓએ આગ્રહ કર્યો છે કે નવા વેરિયન્ટ સામે લડવાની રીત એ જ જૂની છે જે અમે અત્યાર સુધી કરતા આવ્યા છીએ. રોગ ગંભીર ન બને તે માટે રસીના તમામ ડોઝ લેવા ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત, આપણે માસ્ક પહેરવાનું છે, તે પણ યોગ્ય રીતે. ભીડથી દૂર રહેવું, સામાજિક અંતર અને હેન્ડ સેનિટાઈઝેશન ચાલુ રાખવું પડશે. નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) વીકે પૌલે જણાવ્યું હતું કે, ઓમિક્રોનના આ નવા પડકાર પછી પણ રસીકરણ એ સૌથી મહત્વપૂર્ણ છે. આપણે ભાગ્યશાળી છીએ કે રસી પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. તેમણે કહ્યું, ગભરાવાની જરૂર નથી. આપણે બધાએ જવાબદાર બનવાનું છે. અત્યારે વેરિયન્ટ્સ સંબંધિત નવી



માહિતી બહાર આવી રહી છે અને આપણે બધા ઘણુ નવું નવું જાણી રહ્યા છીએ.

કર્ણાટકમાં જે ડૉક્ટરને ઓમિક્રોન વેરિયન્ટથી ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ છે, અને જેઓ તેમના સંપર્કમાં આવ્યા હતા તેઓ હાલમાં હોસ્પિટલમાં આઈસોલેશનમાં છે. અત્યાર સુધીમાં ડૉક્ટરના ૧૩ પ્રાથમિક સંપર્કો અને ૨૦૫ ગૌણ સંપર્કો શોધી કાઢવામાં આવ્યા છે. બીજી તરફ ૬૬ વર્ષીય દક્ષિણ આફ્રિકાના નાગરિક કે જેમને ઓમિક્રોન ચેપની પુષ્ટિ થઈ છે તે દેશ છોડી ગયો છે. આ વ્યક્તિ ૨૦ નવેમ્બરના રોજ દક્ષિણ આફ્રિકાથી બેંગ્લોર આવ્યો હતો, જે એટ રિસ્ક એટલે કે જોખમમાં રહેલા દેશોમાં સામેલ છે. ત્યારબાદ તેને શહેરની હોસ્પિટલમાં આઈસોલેટ થવાનું કહેવામાં આવ્યું હતું. જોકે તેના સેમ્પલનું જિનોમ સિક્વન્સિંગનું પરિણામ આવ્યું ત્યાં સુધીમાં તે વ્યક્તિ ૨૭ નવેમ્બરે દુબઈ જવા રવાના થઈ ગયો હતો.

હાલમાં સારી વાત એ છે કે દેશમાં મળી આવેલા ઓમિક્રોનના બંને દર્દીઓમાં માત્ર હળવા લક્ષણો જ જોવા મળ્યા છે. આ બંનેએ રસીના બંને ડોઝ લીધા હતા.

# પ્રદૂષિત હવા પાક.થી આવતી હોવાનો યુપી સરકારનો દાવો

**પ્રદૂષણ રોકવા કેન્દ્ર-દિલ્હીને યોજના બનાવવા સુપ્રીમની સુચના, ટાસ્કફોર્સની રચના પર સુપ્રીમે સંતોષ વ્યક્ત કર્યો**

નવી દિલ્હી , તા.૩

દિલ્હી એનસીઆરમાં ભયાનક વાયુ પ્રદૂષણને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારની સામે નારાજગી વ્યક્ત કરી છે. પ્રદૂષણ રોકવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને ૨૪ કલાકની અંદર યોજના બનાવવા માટે કહ્યું છે. આજે ફરીથી આ બાબત પર સુનવણી થશે અને સુનાવણી પહેલા વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગે શીર્ષ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને જણાવ્યું કે, તેમણે વાયુ પ્રદૂષણ નિયંત્રિત કરવા પોતાના નિર્દેશોના અનુપાલનની દેખરેખ માટે એક એન્ફોર્સમેન્ટ ટાસ્ક ફોર્સનું ગઠન કર્યુ છે. ૧૭ સદસ્યોની ફ્લાઈંગ ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સ રોજ સાંજે ૬:૦૦ વાગ્યે રિપોર્ટ લેશે. કેન્દ્ર સરકારની આ પહેલ પર સુપ્રીમ કોર્ટે સંતોષ વ્યક્ત કર્યો છે.

દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને શહેરમાં હોસ્પિટલોનાં નિર્માણ કાર્યોની અનુમતિ માગી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલ એફિડેવિટમાં દિલ્હી સરકારે કહ્યું કે કોરોનાની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખીને કેટલીક જૂની હોસ્પિટલોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાનું શરૂ કર્યું હતું. આના સિવાય ૭ નવી હોસ્પિટલોનું નિર્માણ કાર્ય પણ ચાલી રહ્યું હતું. જોકે પ્રદૂષણ વધવાના કારણે નિર્માણ કાર્યો રોકી દેવામાં આવ્યા છે. આ બધાની વચ્ચે કોરોનાના નવા વેરિએન્ટે ફરીથી ભયનો માહોલ ફેલાવી દીધો છે.

દિલ્હીની હોસ્પિટલો સ્વાસ્થ્ય સુવિધામાં વધારો કરવો જરૂરી બની ગયું છે. ઉત્તર પ્રદેશ

● અનુસંધાન પાન-૭ પર

# ૪૦થી વધુની વયના લોકોને બૂસ્ટર ડોઝની ભલામણ

**ઓમિક્રોનને લઈને અમેરિકા-બ્રિટનમાં બૂસ્ટરડોઝની તૈયારી : વૈજ્ઞાનિક સંસ્થા ઈન્ડિયન સાર્સ કોવિડ ૨ જિનોમિક્સ સિક્વન્સિંગ કન્સોર્ટિયમે પણ ભારત સરકારને અપીલ કરી**

નવી દિલ્હી, તા.૩

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનને લઈને અમેરિકા અને બ્રિટન જેવા દેશોએ કોરોનાની રસીનો બૂસ્ટર ડોઝ લગાવવા માટે તૈયારીઓ શરુ કરી છે. બીજી તરફ ભારતમાં પણ આ વેરિએન્ટની એન્ટ્રી થઈ ચુકી છે ત્યારે દેશની ટોચની વૈજ્ઞાનિક સંસ્થા ઈન્ડિયન સાર્સ કોવિડ ૨ જિનોમિક્સ સિક્વન્સિંગ કન્સોર્ટિયમે પણ ભારત સરકારને અપીલ કરી છે કે, ૪૦ વર્ષથી વધારે વયના લોકોને બૂસ્ટર ડોઝ આપવા માટે વિચારણા કરવી જોઈએ. કોરોનાના જિનોમિક વેરિએશનને મોનિટર કરવા માટેની આ સંસ્થાએ પોતાના બુલેટિનમાં ઉપરોક્ત ભલામણ કરતા કહ્યુ છે કે, સૌથી પહેલા બૂસ્ટર ડોઝ માટે જે લોકો હાઈ રિસ્ક કેટેગરીમાં આવે છે તેમને પ્રાથમિકતા આપી જોઈએ. ઉલ્લેખનીય છે કે, લોકસભામાં પણ સાંસદોએ કોરોના પરની ચર્ચા દરમિયાન બૂસ્ટર ડોઝની માંગણી કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં કર્ણાટકમાં કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટથી સંક્રમણના બે કેસ સામે આવ્યા છે.બંને દર્દીઓએ વેક્સીનના બંને ડોઝ લીધા છે.તેમનામાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે.

# દરેક પડકારના સામના માટે નૌસેના તૈયાર છે : હરીકુમાર

**ચાર ડિસેમ્બરે નેવી ડેની ઉજવણી થશે : આત્મનિર્ભર ભારત હેઠળ સાત વર્ષમાં ૨૮ લડાકુ જહાજો તેમજ સબમરિન નૌસેનામાં સામેલ કરવામાં આવ્યા છે**

નવી દિલ્હી, તા.૩

ચાર ડિસેમ્બરે ઉજવાનારા નેવી ડેના એક દિવસ પહેલા નૌસેના ચીફ એડમિરલ આર હરીકુમારે આજે કહ્યુ હતુ કે, દેશના દરિયાઈ સિમાડાઓની રક્ષા માટે નૌસેના હંમેશા યુધ્ધ સ્તરે તૈયાર હોય છે. તેમણે કહ્યુ હતુ કે, દરેક જાતના પડકારને પહોંચી વળવા માટે નૌસેના તૈયાર છે.કોવિડ દરમિયાન નૌસેનાએ લકોને મદદ કરી હતી.નૌસેનાના ૧૦ જહાજોએ મિત્ર દેશોને પણ કોરોનાની દવા, વેકસીન પહોચાડી હતી.

એડમિરલ આર હરીકુમારે કહ્યુ હતુ કે, ભારતીય નૌસેનાએ ૨૨ દેશો સાથે દ્વિ પક્ષીય અથવા સંયુક્ત સૈન્ય અભ્યાસ કર્યો છે.આત્મનિર્ભર ભારત હેઠળ સાત વર્ષમાં ૨૮ લડાકુ જહાજો તેમજ સબમરિન નૌસેનામાં સામેલ કરાયા છે.બીજા ૩૯ જહાજો અને સબમરિનના નિર્માણની કામગીરી ચાલી રહી છે.વિમાન વાહક જહાજ વિક્રાંતની બે દરિયાઈ ટ્રાયલ પુરી થઈ ચુકી છે.નેવીમાં ૯ એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર, ૨ ચીતા હેલિકોપ્ટર તેમજ બે ડોર્નિયર વિમાનોને સામેલ કરાયા છે.

તેમણે કહ્યુ હતુ કે, અલગ અલગ હોદ્દાઓ પર મહિલાઓને સામેલ કરવા માટે પણ નૌસેના રેડી છે.દરમિયાન નૌસેનાના ઓર્ડર લીક થવાની ઘટનામાં સીબીઆઈ તેમજ નૌસેના તપાસ કરી રહી છે.

ચીન માટે તેમણે કહ્યુ હતુ કે, ચીની નૌસેના ૨૦૦૮થી હિન્દ મહાસાગરમાં મોજુદ છે.તેના સાત થી આઠ જહાજો પેટ્રોલિંગ કરતા હોય છે.ચીનની હિલચાલ પર અણારી નજર છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ચીને ૧૧૦ યુધ્ધ જહાજોનુ નિર્માણ કર્યુ છે અને તેની જાણકારી ભારત પાસે છે.